# આજે પુષ્યનક્ષત્રઃ સોના-ચાંદી અને હિસાબી ચોપડા ની ખરીદીનું મૂહુર્ત

સોમવારે પુષ્યનક્ષત્ર દરમ્યાન આવનારાં નવા વર્ષના હિસાબી ચોપડાં અને સોના-ચાંદીની ખરીદી માટે ના ઉત્તમ મુહૂર્ત ગણવામાં આવે છે.પુષ્યનક્ષત્રના શુભમૂહુર્તમાં લગ્નસરાની ખરીદી પણ થતી હોય છે ત્યારે સોના-ચાંદીના ઘરેણાં અને કોમ્પ્યુટર યુગમાં પણ હિસાબી ચોપડાં ખરીદી માટે ના ઉત્તમ મુહૂર્ત ગણવામાં આવે છે.

પુષ્યનક્ષત્ર એટલે ચોપડા, સોનુ અને ચાંદી ખરીદવા માટેનો શ્રેષ્ઠ યોગ ગણવામાં આવે છે. સોમવારે સવારે ૬-૪૦થી ૮, ૯-૪૦થી ૧૧, બપોરે ૨થી સાંજે ૭-૪૦ અને રાતે ૧૦-૫૦થી ૧૨-૧૦ સુધી શુભ મૂહુર્તો વચ્ચે બજારોમાં સોના-ચાંદી અને ચોપડાંની ખરીદી માટે વહેલી સવારથી મોડીરાત સુધી ચહલપહલ જોવા મળશે તેમ સૂત્રો કહે છે.

સોના-ચાંદી બજારના સૂત્રો કહે છે કે, પુષ્યનક્ષત્રમાં સોના-ચાંદીના સિક્કા ઉપરાંત નાના ઘરેણાં ખરીદીને રાખવાની પરંપરા શુભ ગણનારો મોટો વર્ગ છે. એક વર્ગ એવો પણ છે કે જે આ શુભ મુહૂર્તમાં સંતાનોના લગ્નની ખરીદી પણ કરે છે. સોના અને ચાંદીની બજારમાં તેજી જોવા મળી રહી છે ત્યારે જૂના ઘરેણા જમા કરાવી નવા ઘરેણાં ખરીદવાનો નવા ટ્રેન્ડ વચ્ચે અમદાવાદના સોના ચાંદી બજારમાં પુષ્યનક્ષત્ર હોવાથી ખાસ્સી ખરીદી રહેવાની ધારણા વેપારીઓ વ્યક્ત કરી રહ્યાં છે.

## વર્ષ ૨૦૦૬ પછી ચોથા વર્ષે દિવાળી ને બેસતા વર્ષ વચ્ચે 'પડતર દિવસ'

### સંવત ૨૦૬૬નો પ્રથમ દિવસ માત્ર પાંચ કલાકનો! ૧૯૯૫થી ૨૦૦૧ સતત સાત વર્ષ પડતર દિવસ હતા

સંવત ૨૦૫૧થી ૨૦૫૭ એટલે કે ૧૯૯૫થી ૨૦૦૧ એમ સતત સાત વર્ષ સુધી દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે પડતર દિવસ આવ્યો હતો. અગાઉ સંવત ૨૦૬૨માં આવેલા પડતર દિવસ પછી ચોથા વર્ષે એટલે કે સંવત ૨૦૬૬ના આરંભમાં પડતર દિવસ આવશે. વાઘબારસથી શરૂ થતા દિપાવલી પર્વ પછી તરત જ બીજા દિવસે ગુજરાતી નવા વર્ષનો શુભારંભ થાય છે. વિક્રમ સંવત તરીકે ઓળખાતા ગુજરાતી નવા વર્ષનું ગુજરાતી સામાજીક પરંપરા અને વ્યાવસાયિક દ્રષ્ટિએ અનોખું જ મહત્વ છે. દિવાળી પછી બેસતા વર્ષની ઉજવણીનો આનંદ અનેરો હોય છે પરંતુ તિથીઓની વૃધ્ધિના કારણે પડતર દિવસ આવતાં નવા વર્ષની ઉજવણીના મુદ્દે દ્વિધા સર્જાય છે.

સત્તાવિશ નક્ષત્રો આધારિત તિથીઓની ગણતરી કરી ગુજરાતી નવું વર્ષ બને છે. તિથીઓના વૃધ્ધિ અને ક્ષય અનુસાર તહેવારોના દિવસોનો સમયગાળો નિશ્ચિત થતો હોય છે. આ વર્ષે તા. ૧૭ને શનિવારે દિવાળી છે તો બેસતું વર્ષ તા. ૧૯ને સોમવારે છે. મતલબ, તા. ૧૮ને રવિવારે પડતર દિવસ છે. જો કે, વર્ષ ૧૯૯૫થી ૨૦૦૧ એમ સતત સાત વર્ષ સુધી દિવાળી પછી પડતર દિવસ આવ્યા પછી ગુજરાતીઓ દિવાળી પછીના દિવસે જ નવા વર્ષની મુબારકબાદી પાઠવતાં રહ્યાં છે. ૨૦૦૬ પછી આ વર્ષે પડતર દિવસ આવ્યો છે.

ગુજરાતી તિથીઓ અને શાસ્ત્રોના જાણકાર સૂત્રો કહે છે કે, આ વર્ષે પડતર દિવસ પછી બેસતા વર્ષનો દિવસ માંડ પાંચ કલાકનો છે. સોમવારે સવારે બ્રહ્મમૂહુર્તથી એકમનો પ્રારંભ થાય છે અને સવારે ૧૦-૦૨ વાગ્યાથી ભાઈબીજ શરૂ થઈ જાય છે. કંઈક આવી જ સ્થિતિ લાભપાંચમના શુભ મુહૂર્તોની છે. તા. ૨૩ના રોજ લાભપાંચમ છે અને સવારે ૬-૦૪થી ૧૨-૫૭ સુધી પાંચમ હોવાનું જાણકાર સૂત્રો કહે છે.